Extra No. 268

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] FRIDAY, AUGUST 1, 2025 / SRAVANA 10, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

- કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના બંધ વિભાગ નંબર-૨, સરદાર સરોવર નર્મદા નિગમ લિમીટેડ, એકતાનગરના પત્ર જા.નં. નાયોબવિ.૨/પી.બી./૧૦૫૮/સને ૨૦૨૫, તા. ૧૪/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયે

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૯૧૭૬ થી ૯૨૧૨ /૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના બંધ વિભાગ નંબર-૨, સરદાર સરોવર નર્મદા નિગમ લિમીટેડ, એકતાનગર દ્વારા વંચાણના પત્રથી જણાવ્યા મુજબ રાજપીપળા સ્ટેટ હાઈવે પર ક્રિષ્ના કાઠીયાવાડી હોટેલથી નર્મદા માતાજી મૂર્તિ સુધીના રોડ પર સાંકળ ૧૦૮૦૦ થી ૧૧૦૦૦ સુધીની લંબાઈમાં આવેલ જુના ગભાણા બ્રીજની હાલત ખરાબ હોઈ તેના પર વાહનવ્યવહાર કરવો જોખમી છે. જેથી સદરહુ બ્રીજને વાહનવ્યવહાર માટે બંધ કરી, સદર બ્રીજ પરનો વાહનવ્યવહાર બાજુમાં આવેલ નવા ગરૂડેશ્વર કેબલ બ્રીજ પર ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું એસ.કે.મોદી(આઈ.એ.એસ), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી) થી મળેલ સત્તાની રૂએ રાજપીપળા સ્ટેટ હાઈવે પર ક્રિષ્ના કાઠીયાવાડી હોટેલથી નર્મદા માતાજી મૂર્તિ સુધીના રોડ પર સાંકળ ૧૦૮૦૦ થી ૧૧૦૦૦ સુધીની લંબાઈમાં આવેલ જુનો ગભાણા બ્રીજ વાહનવ્યવહાર માટે બંધ કરી, સદર બ્રીજ પરનો વાહનવ્યવહાર બાજુમાં આવેલ નવા ગરૂડેશ્વર કેબલ બ્રીજ પર ડાયવર્ટ કરવા આથી ફરમાવું છું.

સદરહુ જુનો ગભાણા બ્રીજ વાહનવ્યવહાર માટે બંધ હોવા અંગે તથા ડાયવર્ઝન અંગે નિયમાનુસાર જરૂરી બોર્ડ/બેરીકેટ્સ લગાડવાની તથા તેને આનુષંગિક તમામ કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના બંધ વિભાગ નંબર-૨, સરદાર સરોવર નર્મદા નિગમ લિમીટેડ, એકતાનગરએ કરવાની રહેશે.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી આ અંગે અન્ય હુકમ ન થાય ત્યાં સુધી કરવાની રહેશે.

// **શિક્ષા** //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૧૬-૦૭-૨૦૨૫.

એસ.કે.મોદી,
જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા-રાજપીપળા

// **વંચાણે લીધું** //

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, જિલ્લા (મા.મ.) વિભાગ, વડોદરાના પત્ર જા.નં. પીબી/ ૨૯૪૯/૨૦૨૫, તા.૧૦/૦૭/૨૦૨૫

(૨) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરાના જાહેરનામા ક્રમાંક: EC/MAG/6003 to 6025/2025, તા.૧૧/૦૭/૨૦૨૫

(૩) કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાના પત્ર જા.નં. પી.બી./૨૭૯૨/સને ૨૦૨૫, તા.૧૧/૦૭/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયે.

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૯૦૬૪ થી ૯૧૦૧ /૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, જિલ્લા (મા.મ.) વિભાગ, વડોદરા દ્વારા વંચાણ-(૧)ના પત્રથી ડભોઈ-સેગવા-પોઈચા રસ્તા પર પોઈચા ગામ પાસે આવેલ નર્મદા નદી પરના પુલ(રંગસેતુ) ની હાલની સ્થિતિ જોતાં, સદરહુ પુલની ક્ષમતા ચકાસણી માટે લોડટેસ્ટ ન થાય ત્યાં સુધી ભારે વાહનો માટે બંધ કરી રૂટ ડાયવર્ટ કરવા જાહેરનામું બહાર પાડવા અત્રે તથા કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરાને દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે અન્વયે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા દ્વારા વંચાણ-(૨)ના જાહેરનામાથી ડભોઈ-સેગવા-પોઈચા રસ્તા પર પોઈચા ગામ પાસે નર્મદા નદી પર આવેલ રંગસેતુ પુલ ભારે વાહનો માટે બંધ કરી રૂટ ડાયવર્ઝન આપવામાં આવેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળા દ્વારા વંચાણ-(૩)ના પત્રથી તેઓના વિભાગનો રાજપીપળા-પોઈયા રોડ સદરહુ પુલ તરફ જતો હોય, રાજપીપળા-પોઈચા રોડ પરથી વડોદરા તરફ જતા ભારે વાહનો પર પ્રતિબંધ મુકી, ભારે વાહનોનો રૂટ ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું એસ.કે.મોદી(આઈ.એ.એસ), જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ -૩૩(૧)(બી) થી મળેલ સત્તાની રૂએ ડભોઈ-સેગવા-પોઈયા રસ્તા પર પોઈચા ગામ પાસે નર્મદા નદી પર આવેલ રંગસેતુ પુલ ભારે વાહનો માટે ફરીથી ચાલુ કરવામાં ન આવે ત્યાં સુધી રાજપીપળાથી વડોદરા તરફ જતાં ભારે વાહનોના રાજપીપળા-પોઈચા રોડનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકી, ભારે વાહનો માટે નીચે મુજબ ટ્રાફિક ડાયવર્ટ કરવા આથી ફરમાવું છું.

ટ્રાફિક ડાયવર્ઝનની વિગત

- રાજપીપળાથી વડોદરા તરફ જતાં ભારે વાહનોએ રાજપીપળા-ગરુડેશ્વર-દેવલીયા ચોકડી-તિલકવાડા-ડભોઈ થઈ વડોદરા જવાનું રહેશે.
- વડોદરાથી રાજપીપળા તરફ આવતાં ભારે વાહનોએ વડોદરા-ડભોઈ-તિલકવાડા-દેવલીયા ચોકડી-ગરૂડેશ્વર થઈ રાજપીપળા તરફ આવવાનું રહેશે.
- રાજપીપળા તરફથી પોઈચા સુધી જ જતાં ભારે વાહનો રાજપીપળા-પોઈચા રોડનો ઉપયોગ કરી શકશે.

સદરહુ રસ્તો રાજપીપળાથી વડોદરા તરફ જતાં ભારે વાહનો માટે બંધ હોવા અંગે નિયમાનુસાર જરૂરી બોર્ડ/બેરીકેટ્સ લગાડવાની તથા તેને આનુષંગિક તમામ કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાએ કરવાની રહેશે.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી પોઈચા ગામ પાસે નર્મદા નદી પર આવેલ રંગરોતુ પુલ ભારે વાહનો માટે ફરીથી ચાલુ કરવામાં ન આવે ત્યાં સુધી કરવાની રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૧૫-૦૭-૨૦૨૫.

એસ.કે.મોદી,
જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા-રાજપીપળા

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.08.29 18:43:18 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara